# બજેટમાં ગરીબો અને ખેડૂતોને રાહતો, મધ્યમ વર્ગને ઠેંગો

નવીદિલ્હી,તા. ૧ નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. મોદી સરકારની વર્તમાન અવધિ માટેનુ અંતિમ સંપૂર્ણ બજેટ રજૂ કરતી વેળા જેટલીએ એકબાજુ ખેડુતો, ગરીબો અને મહિલાઓ માટે અનેક મોટી જાહેરાતો કરી હતી. પરંતુ પગારદાર વર્ગ, નોકરિયાત વર્ગ અને મધ્યમ વર્ગને મોટો ફટકો આપ્યો હતો. કારણ કે તેમના માટે કોઇ જાહેરાત કરવામાં આવી નથી. જેટલીએ ઈન્કમ ટેક્સના સ્લેબમાં કોઇ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે સ્ટાન્ડર્ડ ડિડેક્શનની ફરી શરૂઆત કરવામાં આવી છે. આના હેઠળ ૪૦હજાર રૂપિયા સુધી સ્ટાન્ડર્ડ ડિડેકશન આપવામાં આવનાર છે. હવે મ્યુચ્યુઅલ ફંડની કમાણી પર ૧૦ ટકા ટેક્સ આપવાની ફરજ પડશે. સિનિયર સિટિજન્સને જુદી જુદી જમા રકમ પર મળનાર ૫૦ હજાર રૂપિયા સુધીના વ્યાજ દર ટેક્સ છુટછાટ આપવામાં આવનાર છે. પહેલા આ મર્યાદા ૧૦૦૦૦ રૂપિયા હતી. શિક્ષણ, આરોગ્ય પર સેસને હવે ત્રણ ટકાના બદલે ચાર ટકા કરવામાં આવ્યો છે. કસ્ટમ ડ્યુટી વધી જવાના કારણે મોબાઇલ ફોન અને ટીવી મોંઘા થઇ જશે. નાણાંપ્રધાન જેટલીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યુ હતુ કે નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થવ્યવસ્થા૭.૨ ટકાથી ૭.૫ ટકાના દરે આગળ વધશે. તેમણે દાવો કર્યો હતો કે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં છે. નાણાંપ્રધાને એમ પણ કહ્યુ હતુ કે વર્તમાન સરકારના કાર્યકાળમાં ભારતનો સરેરાશ વૃદ્ધિ દર ૭.૫ ટકા રહ્યો છે. જેટલીએ જુદા જુદા ક્ષેત્રોને ફાળવણીમાં પણ વધારો કર્યો હતો. બજેટ રજૂ કરતી વેળા જેટલીએ ધારણા પ્રમાણે જ કૃષિ, ગ્રામીણ વિસ્તારો, શિક્ષણ, આરોગ્ય અને રોજગારીના ક્ષેત્રમાં અનેક મોટી જાહેરાત કરી હતી. તમામ વર્ગને રાજી કરવાના ઈરાદા સાથે અનેક જાહેરાત કરવામાં આવી હતી. બજેટમાં કૃષિ અને ગ્રામીણ વિસ્તારો તેમજ ખેડુત માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. બજેટમાં જેટલીએ ખેડુતો માટે અનેક યોજના જાહેર કરી હતી.

## મોંઘવારી વધતા મધ્યમ વર્ગને ભારે મુશ્કેલી

જીએસટી અમલી બન્યા બાદ બજેટમાં અનેક વસ્તુઓ સસ્તી અને મોંઘી થશે તેવી અપેક્ષા વચ્ચે આજે બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ લાઇફ વધારે મોંઘી અને જટિલ બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. મોબાઇલ ફોન, પરફ્યુમ, ડિયો, કાર, પેકેજડ ફ્રુટ જ્યુસ જેવી વસ્તુઓ વધુ મોંઘી બની ગઈ છે. નાણામંત્રી અરુણ જેટલીએ આ તમામ ઉપર કસ્ટમ ડ્યુટીમાં વધારો ઝીંકી દીધો હતો. જો કે, કેટલાક વસ્તુઓ સસ્તી પણ બની છે જેમાં ઈન્મોર્ટેડ રો નટ્સ, સોલાર ટેમ્પ્રેચર ગ્લાસ, રો મટિરિયલ્સ, ઘણી એસેસરીઝનો સમાવેશ થાય છે. કારણ કે, સરકારે આ વસ્તુઓ ઉપર આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો છે. મોબાઇલ અને ટીવી ઉપર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી છે જ્યારે કાજુ ઉપર કસ્ટમ ડ્યુટી પાંચ ટકાથી ૨.૫ ટકા કરાઈ છે.

જેટલીએ બજેટ રજૂ કરતી વેળા જુદી જુદી ચીજવસ્તુઓ ઉપર ડ્યુટીમાં ઘટાડો વધારો કરવાની જાહેરાત કરી હતી. કાચા કાજુ ઉપર ડ્યુટીને પાંચ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. બીજી બાજુ કસ્ટમ ડ્યુટી વધવાથી આયાત કરાતા જ્યુસની કિંમતમાં વધારો થયો છે. જે કિંમતમાં વધારો થયો છે તેમાં રુમ ફ્રેશનર, આયાત જ્યુસ, એલઈડી, એલસીડી, ટીવી, સ્માર્ટવોચ, ફુટવેર, તાપના ચશ્મા, સિગારેટ, રમકડાનો સમાવેશ થાય છે. નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આજે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. જેટલીએ પોતાના છેલ્લા પૂર્ણ બજેટમાં કસ્ટમ ડ્યુટી વધારવાની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં મોબાઇલ અને ટીવીની કિંમતો વધી ગઈ છે. મોબાઇલ ફોન ઉપર કસ્ટમ ડ્યુટી ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા અને મોબાઇલ તથા ટીવી સ્પેરપાર્ટ્સ ઉપર ૧૫ ટકા ડ્યુટી કરવામાં આવી છે. કસ્ટમ ડ્યુટી વધી જતાં મોબાઇલ અને ટીવી મોંઘા થશે. કસ્ટમ ડયુટી પર સેસ ત્રણ ટકાથી વધારીને ચાર ટકા કરવાનો નિર્ણય કરાયો છે. આની સીધી અસર સ્માર્ટફોન અને ટીવી ઉપર થશે. આ નિર્ણયથી ભારતમાં વેચાતા તમામ કંપનીઓના સ્માર્ટફોન વધારે મોંઘા થશે.

### કઈ ચીજો મોંઘી અને સસ્તી...

**– કઈ ચીજો મોંઘી**

- મોબાઈલ ફોન
- ટીવી સેટ
- લેપટોપ
- લકઝરી ગાડીઓ
- ચાંદીના સિક્કા
- સિગારેટ, પાન મસાલા
- સિગાર
- એલઈડી લાઈટ
- એલઈડી લેમ્પ
- સ્ટેઈનલેસ લેબ્સ
- લેધર ફુટવેર
- લેધર પ્રોડક્ટ્સ
- પરફ્યુમ્સ
- આફટર સેવ
- ડિયો, રુમ ફ્રેશનર
- આયાત કરાતા જ્યુસ
- એલસીડી
- ટીવીના પાર્ટ્સ
- સ્માર્ટ વોચ
- રમકડા
- બસ
- ટ્રકના ટાયર
- મગફળી તેલ
- સોનુ
- ચાંદી
- સિલ્ક ફેબ્રિક્સ
- મોટર સાઈકલ
- ડાયમંડ
- ફર્નિચર, મેટ્રેસ
- વિડિયો ગેમ
- રમત ગમતના સાધનો
- ખાદ્ય તેલ
- શાકભાજી

**– કઈ ચીજો સસ્તી**

- ઈમ્પોર્ટેન્ટ સાંભળવાના સાધનો
- ઓનલાઈન રેલવે ટિકિટ
- એનએનજી ફિનિસ્ડ લેધર
- સોલાર ટેમ્પર્ડ ગ્લાસ
- પીઓએસ મશીન
- જુદા જુદા ડબ્બાઓમાં ઉપલબ્ધ શાકભાજી
- સિલ્વર ફોઈલ્સ
- ફિંગર સ્નેકર
- શૌર બેટરી
- દેશમાં તૈયાર હિરા
- શૌર ટેમ્પર્ડ ગ્લાસ
- કોકલિયર ઈમ્પ્લાન્ટ

### આરોગ્ય-રોજગાર ક્ષેત્રે કઈ કઇ જાહેરાત થઇ

**આરોગ્ય ક્ષેત્રે જાહેરાતો**

– દેશમાં ૨૪ નવા મેડિકલ કોલેજ ખુલશે
– ફ્લેગશીપ રાષ્ટ્રીય આરોગ્ય સંરક્ષણ યોજના શરૂ થશે
– ટીબીના દર્દીઓને દર મહિને ૫૦૦ રૂપિયા મળશે
– દેશની ૪૦ ટકા વસતીને આરોગ્ય વિમા મળશે
– ૧૦ કરોડ પરિવારને પાંચ લાખ રૂપિયા સારવાર માટે રાષ્ટ્રીય આરોગ્ય વિમા હેઠળ અપાશે જે હજુ સુધી ૩૦ હજાર હતા
– આરોગ્ય માટે ૧.૫ લાખ આરોગ્ય સેન્ટર સ્થપાશે
– હેલ્થ વેલનેસ સેન્ટર માટે ૧૨૦૦ કરોડ જારી થશે

**રોજગાર અને વેપાર ક્ષેત્રે રાહત**

– આ વર્ષે ૭૦ લાખ નોકરીઓનું લક્ષ્ય
– ૫૦ લાખ યુવાનોને નોકરી માટે ટ્રેનિંગ અપાશે
– રોજગારીમાં મહિલાઓની ભાગીદારી પર ભાર મુકાશે
– વેપાર શરૂ કરવા સરકાર ત્રણ લાખ કરોડ ફંડ આપશે
– મુદ્રા યોજના હેઠળ ત્રણ લાખ કરોડ લોન આપશે
– મુદ્રા યોજનાથી ૧૦.૩૮ કરોડ લોકોને ફાયદો થયો છે
– મહિલા કર્મીઓ માટે પીએફ કાપ આઠ ટકા રહેશે જેથી વધુ રકમ હાથમાં આવશે
– ૩૭૯૪ કરોડ રૂપિયા મધ્યમ, લઘુ, નાના ઉદ્યોગોના વિકાસ માટે રહેશે

**શિક્ષણ ક્ષેત્રે જાહેરાતો**

– શિક્ષણમાં સુધાર માટે ચાર વર્ષમાં એક લાખ કરોડ
– ૧૩ લાખથી વધુ શિક્ષકોને ટ્રેનિંગનું લક્ષ્ય
– ડિજિટલ પોર્ટલને પ્રોત્સાહન આપવા સ્કૂલોમાં ડિજિટલ બોર્ડ
– નવોદય વિદ્યાલયની જેમ આદિવાસી વિસ્તારો માટે એકલવ્ય સ્કૂલ બનાવવાની યોજના
– ઈન્સ્ટીટ્યુટ ઓફ એમિનેન્સ સ્થાપિત કરવાની યોજના
– વડોદરામાં રેલવે યુનિવર્સિટી બનાવાશે
– આઈઆઈટી અને એનઆઈટીમાં ૧૬ નવા પ્લાનિંગ એન્ડ આર્કિટ્રેક્ચર સ્કૂલ ઓટોનોમસ મોડમાં બનાવાશે
– એકિકૃત બીએડ કાર્યક્રમ શરૂ કરાશે

**કૃષિ ક્ષેત્ર માટે જાહેરાતો**

– ખેડૂતોને લોન માટે ૧૧૦૦૦ કરોડનો ફંડ
– માછીમારો અને પશુપાલકોને ક્રેડિટ કાર્ડ અપાશે
– ૪૨ મેગા ફૂડ પાર્કનું નિર્માણ કરાશે
– ટામેટા, બટાકા, ડુંગળી સિઝનલ હોવાથી ઓપરેશન ગ્રીન લોંચ કરાશે. ૫૦૦ કરોડ રૂપિયા આના માટે મુકાશે
– તમામ પાક માટે ખેડૂતને લઘુત્તમ સમર્થન મૂલ્ય અપાશે
– નવા ગ્રામિણ બજાર ઇ-નેમથી બનાવાશે
– ૨૦૦૦ કરોડના ખર્ચથી કૃષિ બજાર બનશે
– ખેડૂતોને ખર્ચ કરતા દોઢગણી રકમ ચુકવાશે
– ખેડૂતોના પાકના લઘુત્તમ મૂલ્યમાં ઉલ્લેખનીય વધારો મળશે
– કૃષિ ઉત્પાદનમાં રેકોર્ડ વધારો થયો છે
– જૈવિક ખેતીને પ્રોત્સાહન અપાશે
– દવામાં જે છોડનો ઉપયોગ થાય છે તેના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે
– ૫૮૫ એપીએમસીને ઇ-નેમ સાથે જોડાશે અને માર્ચ ૨૦૧૯ સુધી કામ પૂર્ણ કરાશે
– જેટલા ગામ છે તે ગામોને કૃષિના બજારો સાથે સારા માર્ગોથી જોડવામાં આવશે
– વાંસના ઉત્પાદનને પ્રોત્સાહન અપાશે
– પશુપાલકો માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયા રહેશે

## કોંગ્રેસનો વિજય...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉમેદવારોના અવસાનથી ખાલી થઇ છે. સવારથી શરૂ થયેલી મતગણતરી બાદ તમામ રાઉન્ડમાં કોંગ્રેસ આગળ છે. જ્યારે મંડલગઢની વિધાનસભાની બેઠકની પેટાચૂંટણીમાં પણ ભાજપ હારી રહ્યું છે. આ ત્રણેય બેઠકો ભાજપ પાસે જ હતી. રાજસ્થાનમાં ૨૦૧૮માં જ વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ માટે આ પરિણામો ચિંતાનો વિષય બની શકે છે.

રાજસ્થાનની પેટાચૂંટણીઓમાં ભાજપ તરફથી મુખ્યમંત્રી વસુંધરા રાજે સિંધિયા અને કોંગ્રેસ તરફથી સચિન પાઈલટે પૂરેપૂરું જોર લગાવ્યું હતું. વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં સચિન પાઈલટ અજમેર બેઠક પરથી હારી ગયા હતા. પાઈલટની પરંપરાગત બેઠક દૌસા અનામત બેઠક જાહેર થતાં તેઓ અજમેરથી ચૂંટણી લડ્યા હતા. આ વખતે કોંગ્રેસે આ બેઠક પર રઘુ શર્માને લડાવ્યા છે.

# દેશની ૪૦ ટકા વસ્તીને સરકારી હેલ્થ વિમો મળશે

નવીદિલ્હી,તા. ૧ નાણામંત્રી અરુણ જેટલીએ બજેટમાં આરોગ્ય અને રોજગાર તેમજ વેપાર ક્ષેત્રે અનેક જાહેરાતો કરી હતી. જેના ભાગરુપે દેશમાં ૨૪ નવા મેડિકલ કોલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, દેશમાં વધુ તબીબોની જરૂર દેખાઈ રહી છે જેના ભાગરુપે વધુ મેડિકલ કોલેજોની પણ જરૂર છે. આ બાબતને ધ્યાનમાં લઈને નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી રહી છે. ફ્લેગશીપ રાષ્ટ્રીય આરોગ્ય સંરક્ષણ યોજનાની શરૂઆત કરવાની પણ તેઓએ જાહેરાત કરી હતી. જેટલીએ આરોગ્ય સેવાઓ માટે આયુષ્યમાન ભારત યોજના માટેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ૧૦ કરોડ ગરીબ પરિવારો માટે પાંચ લાખ રૂપિયા પ્રતિ વર્ષની હોસ્પિટાલાઈઝેશનની સુવિધા સરકાર તરફથી કરવામાં આવશે. ટીબીના દર્દીઓને સરકાર તરફથી દર મહિને ૫૦૦ રૂપિયા આપવામાં આવશે. આરોગ્યના ક્ષેત્રની વાત કરતા જેટલીએ કહ્યું હતું કે, આરોગ્યના ક્ષેત્રમાં સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. વ્યક્તિ સ્વસ્થ્ય રહેશે તો જ દેશ વધુ ઝડપથી વિકાસ કરી શકશે તેમ સરકાર નક્કરપણે માને છે. રોજગાર અને વેપારના ક્ષેત્રે વાત કરતા જેટલીએ કહ્યું હતું કે, આ વર્ષે ૭૦ લાખ નોકરીઓનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ૫૦ લાખ યુવાનોને નોકરી માટે ટ્રેનિંગ આપવામાં આવશે. રોજગારમાં મહિલાઓની ભાગીદારીને વધારવા માટે પણ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવશે. વેપાર શરૂ કરવા માટે સરકાર ત્રણ લાખ કરોડ ફંડ આપશે. મુદ્રા યોજના હેઠળ ત્રણ લાખ કરોડ રૂપિયા લોન આપવાની યોજના તૈયાર કરવામાં આવી છે. આરોગ્ય અને રોજગાર ક્ષેત્રમાં વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. હેલ્થ સેકટરને મોટી રાહત આપવામાં આવી છે. જેટલીએ દાવો કર્યો હતો કે, દેશની ૪૦ ટકા વસતીને સરકારી હેલ્થ વિમા હેઠળ આવરી લેવામાં આવશે. નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ લોંચ કરવામાં આવશે. દરેક પરિવારને પાંચ લાખ રૂપિયા મેડિકલ ખર્ચ માટે મળશે. મુદ્રા યોજનાથી ૧૦.૩૮ કરોડ લોકોને સીધો ફાયદો થઈ રહ્યો છે.

## સમિતિની બેઠક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ બેઠકમાં વાહનવેરા પર ગંભીરતાથી વિચારણા થશે તેમ જાણવા મળેલ છે અને તે કદાચ વધુ એક વખત રદ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

જો કે શનિવારે સવારે ૧૧ વાગે મળનારી બેઠકમાં બજેટને આખરી ઓપ આપવામાં આવશે અને ત્યાર પછી તે સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

## રેલવેને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પ્રાથમિકતા આપે છે. સુરક્ષાને ધ્યાનમાં લઈને રેલવે બજેટનો મોટો હિસ્સો પાટા અને ગેજ બદલવા પર ઉપયોગ કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતુ ંકે, હાલમાં ૫૦૦૦ કિલોમીટર લાઈનના ગેજ પરિવર્તનનું કામ ચાલી રહ્યું છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, નાની લાઈનોને મોટી લાઈનોમાં ફેરવી દેવા માટે કામ ચાલી રહ્યું છે. આ દિશામાં ખુબ ઝડપથી કામ થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આ વર્ષે ૭૦૦ નવા રેલવે એન્જિન અને ૫૧૬૦ નવા કોચ તૈયાર કરવામાં આવશે. સુરક્ષાના પાસાઓ ઉપર વાત કરતા તેમણે કહ્યું હતું કે, રેલવે સ્ટેશનો ઉપર સીસીટીવી લગાવવાની યોજના રહેલી છે. આ વર્ષમાં ૬૦૦ સ્ટેશનોને આધુનિક બનાવવામાં આવશે. સુંદરતા વધારવાની સાથે સાથે સ્ટેશનો ઉપર એસ્કેલેટર્સ મુકવામાં આવશે. જાળવણી ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. ૩૬૦૦ કિમી ટ્રેકના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. ૪૦૦૦૦ કરોડ રૂપિયા એલિવેટેડ કોરિડોરના નિર્માણ ઉપર ખર્ચ કરવામાં આવશે. મુંબઈ રેલવેને લાઈફ લાઈન તરીકે ગણાવતા કહ્યું હતું કે, મુંબઈ લોકલની હદ ૯૦ કિલોમીટર વધારવામાં આવશે. મોદી સરકારની સૌથી મહત્વકાંક્ષી બુલેટ ટ્રેન યોજનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, મુંબઇ-અમદાવાદ હાઈસ્પીડ બુલેટ ટ્રેનના ટ્રેક બનાવવા માટે કામ શરૂ કરવા માટે જે કંઈપણ જરૂરી છે તેને પૂર્ણ કરવામાં આવશે. રેલવે માટે એક લાખ ૪૮ હજાર કરોડની જંગી રકમ ખર્ચ કરવામાં આવનાર છે. તમામ ટ્રેનોમાં વાઈફાઈ અને સીસીટીવી સ્થાપિત કરવાની પણ યોજના રહેલી છે. રેલવેમાં અકસ્માતોને રોકવા ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. મુંબઈ રેલવે નેટવર્કના વિકાસ માટે ૧૧૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી રહી છે. ૬૦૦ રેલવે સ્ટેશનોના વિકાસની સાથે સાથે બેંગ્લોર રેલવે નેટવર્કનું વિસ્તરણ ૧૬૦ કિમી સુધી કરવામાં આવશે. ૧૨૦૦૦ વેગન્સ, ૫૧૬૦ કોચ અને ૭૦૦ લોકોમોટિવ બનાવવામાં આવશે. ૨૫૦૦૦થી વધારે ફુટફોલ વાળા રેલવે સ્ટેશનોમાં એસ્કેલેટર્સ લગાવવામાં આવશે.

## બજેટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોઈ જાહેરાત કરવામાં આવી નથી. જેટલીએ ઈન્કમ ટેક્સના સ્લેબમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે સ્ટાન્ડર્ડ ડિડેક્શનની ફરી શરૂઆત કરવામાં આવી છે. આના હેઠળ ૪૦ હજાર રૂપિયા સુધી સ્ટાન્ડર્ડ ડિડેકશન આપવામાં આવનાર છે. હવે મ્યુચ્યુઅલ ફંડની કમાણી પર ૧૦ ટકા ટેક્સ આપવાની ફરજ પડશે. સિનિયર સિટિજન્સને જુદી જુદી જમા રકમ પર મળનાર ૫૦ હજાર રૂપિયા સુધીના વ્યાજ દર ટેક્સ છુટછાટ આપવામાં આવનાર છે. પહેલા આ મર્યાદા ૧૦૦૦૦ રૂપિયા હતી. શિક્ષણ, આરોગ્ય પર સેસને હવે ત્રણ ટકાના બદલે ચાર ટકા કરવામાં આવ્યો છે. કસ્ટમ ડ્યુટી વધી જવાના કારણે મોબાઈલ ફોન અને ટીવી મોંઘા થઈ જશે. નાણાંપ્રધાન જેટલીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યુ હતુ કે નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતીય અર્થવ્યવસ્થા૭.૨ ટકાથી ૭.૫ ટકાના દરે આગળ વધશે. તેમણે દાવો કર્યો હતો કે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં છે. નાણાંપ્રધાને એમ પણ કહ્યુ હતુ કે વર્તમાન સરકારના કાર્યકાળમાં ભારતનો સરેરાશ વૃદ્ધિ દર ૭.૫ ટકા રહ્યો છે. જેટલીએ જુદા જુદા ક્ષેત્રોને ફાળવણીમાં પણ વધારો કર્યો હતો. બજેટ રજૂ કરતી વેળા જેટલીએ ધારણા પ્રમાણે જ કૃષિ, ગ્રામીણ વિસ્તારો, શિક્ષણ, આરોગ્ય અને રોજગારીના ક્ષેત્રમાં અનેક મોટી જાહેરાત કરી હતી. તમામ વર્ગને રાજી કરવાના ઈરાદા સાથે અનેક જાહેરાત કરવામાં આવી હતી. બજેટમાં કૃષિ અને ગ્રામીણ વિસ્તારો તેમજ ખેડુત માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી.

## અંદાજપત્ર પ્રથમ નજરે...

- ઈન્કમ ટેક્સ સ્લેબમાં કોઇ ફેરફાર કરવામાં ન આવ્યા
- સરકારે સ્ટાન્ડર્ડ ડિડક્શનની ફરીવાર શરૂઆત કરી
- ૪૦ હજાર રૂપિયા સુધીના સ્ટાન્ડર્ડ ડિડક્શન આપવામાં આવશે
- મ્યુચ્યુઅલ ફંડની કમાણી ઉપર ૧૦ ટકા ટેક્સ લાગૂ થશે
- સિનિયર સિટિઝનને જુદી જુદી જમા રકમ ઉપર મળનાર ૫૦ હજાર સુધીના વ્યાજ પર ટેક્સ છુટછાટ મળશે
- આરોગ્ય ઉપર સેસ ત્રણ ટકાના બદલે ચાર ટકા રહેશે
- ૨૫૦ કરોડ સુધીના ટર્નઓવરવાળી કંપનીને ૨૫ ટકા કોર્પોરેટ ટેક્સ રહેશે
- સરકારની નાણાંકીય ખાધ ૫.૯૫ લાખ કરોડ રહેશે
- ડાયરેક્ટ ટેક્સ વસુલાતનો આંકડો ૧૨.૬ ટકા વધ્યો
- નાણાંકીય ખાધ પર અંકુશ મેળવવાના તમામ પ્રયાસો થઇ રહ્યા છે
- રાષ્ટ્રપતિનો પગાર પાંચ લાખ, ઉપરાષ્ટ્રપતિનો પગાર ચાર લાખ થશે
- રાજ્યપાલનો પગાર ૩.૫ લાખ રૂપિયા રહેશે
- સાંસદોના પગારને દર પાંચ વર્ષમાં વધારો કરાશે. ● દરેક જિલ્લામાં સ્કીલ સેન્ટર ખોલવામાં આવશે
- ૨.૫ લાખ ગામોમાં બ્રોડબેન્ડને પ્રોત્સાહન આપશે
- દેશમાં બિટકોઈન જેવી ક્રિપ્ટો કરન્સી નહીં ચાલે
- આ વર્ષે ૭૦ લાખ નવી નોકરીની તકો સર્જાશે. ● ૫૦ લાખ યુવાનોને નોકરી માટે ટ્રેનિંગ અપાશે
- રોજગારમાં મહિલાઓની ભાગીદારીને વધારાશે
- વેપાર શરૂ કરવા સરકાર ત્રણ લાખ કરોડનો ફંડ આપશે
- દેશમાં ૨૪ નવા મેડિકલ કોલેજ શરૂ કરાશે. ● ફલેગશીપ રાષ્ટ્રીય આરોગ્ય યોજના શરૂઆત થઈ
- આરોગ્ય યોજના માટે આયુષ્યમાન ભારત યોજના
- ૧૦ કરોડ ગરીબ પરિવારો માટે પાંચ લાખ રૂપિયા પ્રતિવર્ષ હોસ્પિટાલાઈઝેશનની સુવિધા
- ટીબીના દર્દીઓને સરકાર તરફથી મહિને ૫૦૦ રૂપિયા મળશે
- ખેડૂતોને લોન માટે ૧૧૦૦૦ કરોડનો ફંડ ● માછીમારો અને પશુપાલકોને ક્રેડિટ કાર્ડ અપાશે
- ૪૨ મેગા ફૂડ પાર્કનું નિર્માણ કરાશે
- ટામેટા, બટાકા, ડુંગળી સિઝનલ હોવાથી ઓપરેશન ગ્રીન લોંચ કરાશે. ૫૦૦ કરોડ રૂપિયા આના માટે મુકાશે
- તમામ પાક માટે ખેડૂતને લઘુત્તમ સમર્થન મૂલ્ય અપાશે
- નવા ગ્રામિણ બજાર ઇ-નેમથી બનાવાશે ● ૨૦૦૦ કરોડના ખર્ચથી કૃષિ બજાર બનશે
- ખેડૂતોને ખર્ચ કરતા દોઢગણી રકમ ચુકવાશે
- ખેડૂતોના પાકના લઘુત્તમ મૂલ્યમાં ઉલ્લેખનીય વધારો મળશે
- કૃષિ ઉત્પાદનમાં રેકોર્ડ વધારો થયો છે ● જૈવિક ખેતીને પ્રોત્સાહન અપાશે
- દવામાં જે છોડનો ઉપયોગ થાય છે તેના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે
- ૫૮૫ એપીએમસીને ઇ-નેમ સાથે જોડાશે અને માર્ચ ૨૦૧૯ સુધી કામ પૂર્ણ કરાશે
- જેટલા ગામ છે તે ગામોને કૃષિના બજારો સાથે સારા માર્ગોથી જોડવામાં આવશે
- વાંસના ઉત્પાદનને પ્રોત્સાહન અપાશે ● પશુપાલકો માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયા રહેશે
- શિક્ષણમાં સુધાર માટે ચાર વર્ષમાં એક લાખ કરોડ ● ૧૩ લાખથી વધુ શિક્ષકોને ટ્રેનિંગનું લક્ષ્ય
- ડિજિટલ પોર્ટલને પ્રોત્સાહન આપવા સ્કૂલોમાં ડિજિટલ બોર્ડ
- નવોદય વિદ્યાલયની જેમ આદિવાસી વિસ્તારો માટે એકલવ્ય સ્કૂલ બનાવવાની યોજના
- ઈન્સ્ટીટ્યુટ ઓફ એમિનેન્સ સ્થાપિત કરવાની યોજના ● વડોદરામાં રેલવે યુનિવર્સિટી બનાવાશે
- આઈઆઈટી અને એનઆઈટીમાં ૧૬ નવા પ્લાનિંગ એન્ડ આર્કિટ્રેક્ચર સ્કૂલ ઓટોનોમસ મોડમાં બનાવાશે
- એકિકૃત બીએડ કાર્યક્રમ શરૂ કરાશે
- દેશમાં ૨૪ નવા મેડિકલ કોલેજ ખુલશે
- ફલેગશીપ રાષ્ટ્રીય આરોગ્ય સંરક્ષણ યોજના શરૂ થશે
- ટીબીના દર્દીઓને દર મહિને ૫૦૦ રૂપિયા મળશે
- દેશની ૪૦ ટકા વસતીને આરોગ્ય વિમા મળશે
- ૧૦ કરોડ પરિવારને પાંચ લાખ રૂપિયા સારવાર માટે રાષ્ટ્રીય આરોગ્ય વિમા હેઠળ અપાશે જે હજુ સુધી ૩૦ હજાર હતા
- આરોગ્ય માટે ૧.૫ લાખ આરોગ્ય સેન્ટર સ્થપાશે
- હેલ્થ વેલનેસ સેન્ટર માટે ૧૨૦૦ કરોડ જારી થશે
- આ વર્ષે ૭૦ લાખ નોકરીઓનું લક્ષ્ય
- ૫૦ લાખ યુવાનોને નોકરી માટે ટ્રેનિંગ અપાશે
- રોજગારીમાં મહિલાઓની ભાગીદારી પર ભાર મુકાશે
- વેપાર શરૂ કરવા સરકાર ત્રણ લાખ કરોડ ફંડ આપશે
- મુદ્રા યોજના હેઠળ ત્રણ લાખ કરોડ લોન આપશે
- મુદ્રા યોજનાથી ૧૦.૩૮ કરોડ લોકોને ફાયદો થયો છે
- મહિલા કર્મીઓ માટે પીએફ કાપ આઠ ટકા રહેશે જેથી વધુ રકમ હાથમાં આવશે
- ૩૭૯૪ કરોડ રૂપિયા મધ્યમ, લઘુ, નાના ઉદ્યોગોના વિકાસ માટે રહેશે
- મોદીના નેતૃત્વમાં અનેક સુધારા હાથ ધરવામાં આવ્યા છે
- વિદેશી મૂડીરોકાણમાં વધારો થયો છે ● ગરીબી દૂર કરીને મજબૂત ભારત બનાવાશે
- ઉચ્ચ આર્થિક વિકાસની દિશામાં આગળ વધીશું
- આજના યુવાનો ઈમાનદારી સાથે જીવન ગાળી રહ્યા છે ● આ વર્ષે ૭૦ લાખ નોકરીઓનું લક્ષ્ય
- દુનિયામાં ભારત પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરશે
- ઉજ્જવલા યોજનાથી કરોડો ગરીબોને મફત ગેસ કનેક્શન અપાશે
- સૌભાગ્ય યોજનાથી કરોડો ઘર રોશનીથી ઝળહળી રહ્યા છે
- દવાઓ સસ્તી થઇ ગઇ છે. સ્ટેન્ટની કિંમતો ઘટી છે
- ગરીબ અને મધ્યમ વર્ગને આવાસ યોજનાથી વ્યાજદરોમાં મોટી રાહત થઇ છે
- બિનજરૂરી નિયમોને દૂર કરવામાં આવી ચુક્યા છે
- જીએસટીને વધુ સરળ બનાવવાની દિશામાં પહેલ થઇ રહી છે
- ઈઝ ઓફ લિવિંગ ઉપર ભાર મુકી રહ્યા છીએ
- મોદી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે કટિબદ્ધ છે
- ચાલુ નાણાંકીય વર્ષના બીજા ત્રીમાસિક ગાળામાં ભારતીય અર્થવ્યવસ્થા ૭.૨ ટકાથી ૭.૫ ટકાના દરે આગળ વધશે
- વર્તમાન સરકારના ગાળામાં ભારતનો સરેરાશ વૃદ્ધિદર ૭.૫ ટકા રહ્યો છે
- સિનિયર સિટિઝનને હવે સેક્શન ૮૦બી હેઠળ આંશિક છુટછાટ આપવામાં આવી રહી છે
- હવાઈ યાત્રાને વર્ષમાં એક અબજ સુધી લઇ જવામાં આવશે
- મુંબઈ રેલ નેટવર્કના વિકાસ માટે ૧૧૦૦૦ કરોડની ફાળવણી
- ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ માટે ૩૦૩૭ કરોડની ફાળવણી ● એરપોર્ટની સંખ્યાને પાંચ ગણી કરવામાં આવશે
- અમૃત પ્રોગ્રામ હેઠળ ૫૦૦ શહેરોમાં પીવાના પાણીની વ્યવસ્થાને મજબૂત કરાશે. આના માટે ૧૯૪૨૮ કરોડ ખર્ચાશે
- બજેટના ભાગરુપે આગામી બે વર્ષમાં બે કરોડ શૌચાલયનું નિર્માણ કરાશે
- અરુણા ચલ પ્રદેશમાં શેરા પાસ ટનલ બનાવવામાં આવશે
- ૧૦૦ સ્મારકોને આદર્શ બનાવવામાં આવશે
- સ્માર્ટસિટીના વિકાસ માટે બે લાખ કરોડથી કામ થઇ રહ્યું છે
- અનુસૂચિત જાતિઓના વિકાસ માટે ૫૬૬૧૯ કરોડ રૂપિયાની ફાળવણી
- અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે ૩૯૧૩૯ કરોડની ફાળવણી
- નમામિ ગંગે હેઠળ ૪૭ યોજના પૂર્ણ કરાઈ
- સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય નિર્માણને સર્વોચ્ચ પ્રાથમિકતા
- ૫.૨૨ કરોડ પરિવારને વડાપ્રધાન જીવન જ્યોતિ વિમા યોજનાથી ફાયદો
- દરેક ત્રણ સંસદીય ક્ષેત્ર વચ્ચે એક મેડિકલ કોલેજ બનશે
- આ વર્ષે ૧.૭૫ કરોડ ઘર સુધી વિજળી પહોંચાડાશે
- ગામોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા ૧૪.૩૪ લાખ કરોડ આપવામાં આવશે
- ફુડ પ્રોસેસિંગ સેક્ટર માટે ૧૪૦૦ કરોડની ફાળવણી
- કૃષિ ઉત્પાદકોની નિકાસ ૧૦૦ અબજ ડોલર સુધી લઇ જવાનું લક્ષ્ય
- ૨૦૨૨ સુધી દરેક ગરીબને ઘર આપવાનું લક્ષ્ય
- શહેરી ક્ષેત્રોમાં ૩૭ લાખ મકાનને મંજુરી અપાઈ છે
- સરકારી કંપનીઓના શેર વેચીને ૨૦૧૮-૧૯માં ૮૦૦૦૦ કરોડ રૂપિયા એકત્રિત કરવાનું લક્ષ્ય
- કુલ ૧૪ સરકારી કંપનીઓ શેરબજારમાં એન્ટ્રી કરશે
- બે સરકારી વિમા કંપનીઓ શેરબજારમાં એન્ટ્રી કરશે
- ટેક્સટાઈલ સેક્ટર માટે ૭૧૪૮ કરોડની ફાળવણી કરાઈ
- સોના માટે નવી નીતિની ટૂંકમાં જાહેરાત થશે
- નોટબંધીના કારણે મોટી માત્રામાં કરન્સી સરક્યુલેશનમાં ઘટાડો થયો છે
- જીએસટી આવ્યા બાદ પ્રત્યક્ષ ટેક્સમાં વધારો થયો છે
- એફડીઆઈ સુધારાઓના લીધે કારોબાર કરવાની પ્રક્રિયા સરળ બની છે
- ગામોમાં ઈન્ટરનેટના વિકાસ માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયા
- પાંચ લાખથી વધુ હોટસ્પોટ બનાવવામાં આવશે
- ટેક્સ આપનાર લોકોની સંખ્યામાં ૧૯.૨૫ લાખનો વધારો થયો છે
- બ્લેકમનીની સામે ઝુંબેશ હાથ ધરવાથી ટેક્સ વસુલાતમાં ૯૦૦૦૦ કરોડનો ફાયદો થયો છે
- સરકારની નાણાંકીય ખાધ ૯.૯૫ લાખ કરોડ થઇ છે
- નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે નાણાંકીય ખાધ ૩.૩ ટકા હોવાનો લક્ષ્ય છે
- ક્રિપ્ટો કરન્સીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા પગલા લેવાશે
- ગરીબોને મફતમાં ડાયાલીસીસની સુવિધા મળશે
- કસ્ટમ ડ્યુટી વધારવાથી ટીવી અને મોબાઈલ મોંઘા થશે
- લોંગ ટર્મ કેપિટલને લઇને ચિંતામાં વધારો થયો છે
- તમામ સરકારી પ્રમાણપત્ર ઓનલાઈન ઉપલબ્ધ થશે
- આઠ કરોડ ગરીબ મહિલાઓને ફ્રી એલપીજી કનેક્શન આપવામાં આવશે